પોલીસ કમિશ્નરની કચેરી, સુરત શહેર.
પોલીસ ભવન, અઠવાલાઇન્સ, સુરત શહેર-૩૯૫૦૦૧
વિશેષ શાખા, કચેરી ટેલીફોન-૦૨૬૧ ૨૨૪૧૧૧૦
કંટ્રોલ રૂમ ફેકસ નં. ૦૨૬૧ ૨૨૪૧૩૦૪
e-mail : special-cp-sur@gujarat.gov.in

## :: જાહેરનામું ::

**:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ::**

**ક્રમાંક : એસ.બી./જાહેર રોડ પર ક્રિકેટ રમવા અંગે /૧૪૩ /૨૦૨૪.**

સુરત શહેરમાં જાહેર માર્ગ, શેરી, ગલી તેમજ રહેણાંક વિસ્તારમાં જાહેર જનતાની અવર જવર વચ્ચે ક્રિકેટ અને અન્ય રમતો રમવા/રમાડવામાં આવે છે જેના કારણે અવર-જવર કરતા લોકોને તથા વાહન વ્યવહારને અવરોધ ઉભા થાય છે ખાસ કરીને ક્રિકેટ રમતમાં બોલ વાગવાના કારણે રાહદારી લોકોને ઇજા થવાના, અકસ્માત થવાના અને વાહનો-મિલ્કતોને નુકશાન થવાના બનાવો બનતા હોય છે. જેના કારણે ઘણા કિસ્સાઓમાં ક્રિકેટનો બોલ વાગવાથી લોકોના ટોળાઓ સામ-સામે આવી જતા ઘર્ષણ થવાના બનાવો પણ બનતા હોય છે. આવી રમતો રમવાના કારણે લોકોના અને ખાસ કરીને સીનીયર સીટીજનનાદિનચર્યામાં ખલેલ પહોંચાતી હોય છે. જેથી આવા બનાવો બને નહીં અને જાહેર સલામતી – સુખાકારી જોખમાય નહીં તે માટે જાહેર જનતાના હીતમાં સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં જાહેરમાર્ગ, શેરી, ગલી તેમજ રહેણાંક વિસ્તારમાં જાહેર જનતાની અવર-જવર વચ્ચે ક્રિકેટ અને અન્ય રમતો રમાડવા પર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

## :: હુ ક મ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, , ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું.

## :: પ્રતિબંધિત કૃત્યો ::

સુરત શહેર પોલીસ કમિશ્નરના સમગ્ર વિસ્તારમાં

(૧) જાહેર માર્ગ, શેરી, ગલી તેમજ રહેણાંક વિસ્તારમાં જાહેર જનતાની અવર-જવર વચ્ચે ક્રિકેટ અને અન્ય રમતો રમવા કે રમાડવા અને

(૨) આવી રમતો રમી ચીચીયારીઓ પાડી/ ઘોંઘાટ કરી લોકો અને ખાસ કરી સિનિયર સીટીજનના દિનચર્યામાં ખલેલ પહોચાડવા ઉપર -

## :: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશ્નરની હકુમ હેઠળનો સમગ્ર વિસ્તારમાં

## ::અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં **તા.૦૨/૦૭/૨૦૨૪ ના ક.૦૦-૦૦ થી તા.૩૦/૦૮/૨૦૨૪ ના ક.૨૪-૦૦** સુધી અમલમાં રહેશે.

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસીસટ્ન્ટ સબ ઇન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે..

## :: જાહેર વિજ્ઞપ્તિ ::

તમામને વ્યકિત રીતે નોટીસની બજવણી કરવાની શકય ન હોય, આથી એકતરફી હુકમ કરૂં છું કે જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશનર તથા પોલીસ કમિશ્નર, કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઇથી જોઇ

શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલો ચોટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે. ગુજરાત પોલીસ કમિશનર એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તા. ૦૧/૦૭/૨૦૨૪ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(અનુપમ સિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

<u>પ્રતિ,</u>

(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સુરત શહેર

(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફિક તથા ક્રાઇમ, સેક્ટર-૨ સુરત શહેર

(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ,સુરત શહેર.

(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીતમામ, સુરત શહેર.

(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી).

**<u>સવિનય નકલ રવાના</u>** :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૨) પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.

(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.

(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર.

(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ, સુરત.

(૬) કલેકટરશ્રી, સુરત શહેર.

(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર

(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત <u>રીજીયન</u>, સુરત

(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય

(૧૦) નિયામકશ્રી,માહિતી ખાતુ,ગુ.રા., ગાંધીનગર.

(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.

(૧૨) મેનેજરશ્રી, ગવર્નમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).

(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.

(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.

(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત .

(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.

(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, (નાનપુરા બહુમાળી,સુરત)

(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત, સેવાસદન-૨, અઠવાલાઇન્સ,

(૧૯) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત.(સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)